# મોડાસામાં કોલેજ રોડ ઉપર પાણી નિકાલ મામલે રહીશો દ્વારા રોડ ચકકાજામ કરાયો

**ચીફ ઓફીસર અને એન્જીનીયરને લોકોએ ધકકે ચડાવ્યા**



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા તા.૧૯

ગઈ કાલે સાંજથી મોડાસા શહેર ઉપર જાણે મેઘરાજા મહેરબાન થયા હોય તેમ મોડાસા શહેર માં મુશળધાર વરસાદ તુટી પડયો હતો જે એક જ રાત માં ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબકવાને કારણે મોડાસા શહેર ની મોટાભાગ ની સોસાયટી ઓ માં તેમજ ઘરો માં પાણી ભરાઈ ગયા હતા.

ઘરોમાં તેમજ સોસાયટીઓ માં પાણી ભરાઈ જવા ના કારણે મોડાસ ની કોલેજ રોડ ઉપર આવેલ મખદુમ સોસાયટી અમનપાર્ક સોસાયટી તેમજ ગરીબ નવાઝ સોસાયટી જેવી સોસાયટી ઓ માં તેમજ ઘરો માં પાણી ભરાઈ જતા સોસાયટી ના રહીશો દ્વારા નગરપાલીકા માંજાણ કરતાં તંત્ર દ્વારા કોઈ નિકાલ ના કરાતા સોસાયટી ના રહીશો રોષેભરાયા હતા અને પુરૂષો સ્ત્રીઓ અને બાળકો સાથે રોડ ઉપર આવી ટ્રાફીક ચકકાજામ કરી દેવાની કોશીષ કરી હતી ત્યારે આ બાબત ની જાણ થતા નગરપાલિકા ના સત્તાધીશો ને થતાં ચીફ ઓફીસર અને એનજીનીયર ઘટના સ્થળ ઉપર ઘણા સમય પછી આવતા જનતાએ તેમનો હુરીયો બોલાવી ટપલી દાવ કરતા એક સમયે તેમને ભાગવુ પડે તેવી પરીસ્થીતી ઉભી થઈ હતી જયારે બીજી બાજુ પોલીસ અને પ્રજા વચ્ચે ઘર્ષણ ઉભુ થતા પોલીસે પબ્લીક ને શાંત પાડવાની જગ્યાએ પોલીસે બળ પ્રયોગ કરી નિદોર્ષ જનતા ના અવાજ ને દબાવવાનો પ્રયત્ન કરર્યો હતો અને માસુમ જનતા ઉપર લાઠી ચાર્જ કરવામાં આવ્યો હતો ત્યારે છેલ્લે આ સમગ્ર મામલાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં મોડાસા એસે.ડીએમ આચાર્ય એ ઘટના સ્થળ ઉપર પહાચી લોકોને પાણી ના નીકાલ ની ખાત્રી આપતા આ મામલો થાળે પડયો હતો

# પાલનપુર-આબુ હાઈ-વે પરની અનેક સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાયા : નાગરિકોમાં ભારે રોષ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૨૦

પાલનપુર આબુ હાઈ-વે પર આવેલી અનેક સોસાયટીઓ જે તે વખતે લાગતા વળગતા તંત્રની બિલ્ડરોએ પરવાનગી મેળવી નિચાણવાળા વિસ્તારમાં બનાવી નાખી હતી. પરિણામે છેલ્લા બે દિવસથી પડેલા કુલ ૪ ઈંચ જેટલા સામાન્ય વરસાદમાં જ સોસાયટીઓમાં પાણી ભરાઈ જતા રહિશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર આબુ હાઈ-વે પર લડલી નદીના પટ અને અન્ય આસપાસના નિચાણવાળા વિસ્તાર આવેલ છે. જ્યાં શહેરના બિલ્ડરોએ અનેક રહેણાંક સોસાયટીઓ જેમ તેમ બનાવી દેવામાં આવી છે. પરિણામે ચોમાસુ બેસતાની સાથે જ ચારેબાજુ વરસાદી પાણી ભરાઈ જતા રહિશો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. જેને લઈ રહિશોએ આ મામલે તંત્ર વિરૂદ્ધ ભારે રોષ વ્યક્ત કરી સત્વરે આ પાણી ભરાવાની મુશ્કેલીને દૂર કરાવે તેવી માંગ કરી રહ્યા છે.

# અરવલ્લી જીલ્લામાં આજે પ૨૮૬ વિદ્યાર્થીઓએ ટેટની પરીક્ષા આપી

**ધોરણ-૬ થી ધોરણ-૮ માટેના દરેક વિષય માટેની પરીક્ષા યોજાઈ**



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા તા.૨૦

ટેટ એટઈસ ટીચર એલીબીટી ટેસ્ટ આજરોજ સમગ્ર ગુજરાત રાજય માં ધોરણ ૬ થી ધોરણ ૮ ના દરેક વિષયો ની ભરતી માટે ટેટ ની પરીક્ષા યોજાઈ હતી.

અરવલ્લી જીલ્લા ના વડુ મથક મોડાસા ખાતે આજરોજ સવારે ૧૧ વાગ્ય મોડાસ શહેર ના ૧૪ જેટલા સેન્ટરો પર કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે અરવલ્લી જીલ્લા શિક્ષણાધીકારી એ.પી.જાલા ની રાહબરી હેઠળ ટેટ ની પરીક્ષા નુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ પરીક્ષામાં અરવલ્લી જીલ્લામાં કુલ પ૨૮૬ વિદ્યાર્થીઓ એ ફોર્મ ભર્યા હતા જેમાંથી પ૧૦પ વિદ્યાર્થીઓ પરીક્ષા માં બેઠા હતા જયારે ૧૮૧ વીદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા આ



પરીક્ષામા સ્કુલ અને કોલેજ માં વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી જેમાં કુલ ૧૪ સેન્ટર પર થઈ ૧૭૮ બ્લોક માં ૧૭૮ સુપરવાઈજરો દ્વારા સફળતાપુર્વક પરીક્ષા લેવામાં આવી હતી જયારે સ્કવોર્ડ માં દરેક બીલ્ડીગ દીઠ ૩ અધિકારી મુકવામાં આવ્યા હતા.

# વરસાદી પાણી ભરાવાના મામલે મોડાસા નગરપાલિકાની જનરલ સભામાં હોબાળો

**તાત્કાલિક પગલાં ભરવાની પ્રમુખે ખાત્રી આપી : અરવલ્લી જિલ્લાની રચનાને એક વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરાશે**

મોડાસા, તા. ૨૦

મોડાસા નગરપાલિકાની જનરલ મીટીંગ પાલિકા પ્રમુખ એસ.આર. પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં વિવિધ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. હાલ મોડાસામાં ૮ ઈંચ વરસાદ થવાથી કુધરવાડા રોડથી ભેરુન્ડા કોલેજ રોજ સુધીના વિસ્તારમાં લઘુમતી રહેણાંક ધરાવતી સોસાયટીઓમાં કેડ સમા પાણી ભરાવાના મુદ્દે પાલિકાનો પ્રિમોન્સુન પ્લાન સદંતર નિષ્ફળ ગયો છે તેવા આક્ષેપ સાથે હોબાળો મચી ગયો હતો. આ ઉપરાંત અરવલ્લી જિલ્લાની રચનાને એક વર્ષ પૂર્ણ થવાથી તેની ઉજવણી કરવાનુ તેમજ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ હેઠળ રૂપિયા ૪૫ લાખની ગ્રાન્ટ ફાળવવા જેવા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

શહેરમાં વરસાદી પાણીના ભરાવા બાબતે પાલિકા પ્રમુખે તાત્કાલિક ધોરણે નિકાલની કામગીરી હાથ પર ધરવામાં આવશે તેવી ખાતરી આપી હતી. આ સભામાં ન્યુટીશીયન કાઉન્સીલર વોલીન્ટીયર (એનટીવી)માં દરેક વોર્ડ દીઠ ૩ મહિલાઓની પસંદગી કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. નગરની ચાંદ ટેકરીની સાથે રાણા સૈયદ વસાહતમાં પીવાના પામીની પાઈપલાઈનની સાથે આરસીસી રોડ બનાવવા અંગેના ઠરાવ પણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત એક ઈન્વર્ટરની ખરીદી કરવી જેવા અન્ય કામો અંગે પણ ચર્ચા કરાઈ મંજૂરી અપાઈ હતી.

અગાઉ ડુઘરવાડા રોડથી ભેરુન્ડા કોલેજ રોડ પર નગરમાં પડેલા ભારે વરસાદથી લઘુમતી વિસ્તારની સોસાયટીઓમાં કેડ સમા પાણી ભરાઈ જવાથી પવિત્ર રમઝાન માસમાં શ્રદ્ધાળુઓને નમાજ અને ઈફતારી વગેરેમાં તકલીફ પડી હતી. વળી, પાણીના નિકાલની ત્વરિત કામગીરી હાથ ન ધરાતા લોકોનો રોષ ફાટી નિકળ્યો હતો અને જેના કારણે કુધરવાડા વિસ્તાર ચાર રસ્તા પર લોકોએ ચક્કાજામ કરાવી બે કલાક સુધી ટ્રાફિક અટકાવી દીધો હતો. આથી નાયબ કલેક્ટર સહિત ડીએસપી, મામલતદાર, પાલિકા ચીફ ઓફિસર અને પોલીસ ઈન્સ્પેક્ટર વગેરે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને પાણીના તાબડતોડ નિકાલની હૈયાધારણ આપી કામગીરી શરૂ કરાવાતા મામલો શાંત પડ્યો હતો. જો કે આ દરમ્યાન પોલીસે હળવો લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો.

# સાબરકાંઠાના સાંસદ દિપસિંહનો સન્માન સમારંભ યોજાયો

**જિલ્લાના વિકાસ માટે કાર્યરત રહેવાની દિપસિંહની ખાત્રી**

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના લોકસભાના સાંસદ દિપસિંહ રાઠોડનો આજે સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રાંતિજ તાલુકાના યાત્રાધામ સાંપડના મહાકાળી મંદિરના હોલમાં યોજાયેલ આ સમારંભમાં દિપસિંહ રાઠોડને તાલુકાની જનતાએ અઢળક પુષ્પમાળાઓ અને સ્મૃતિ-ચિહ્નો અર્પણ કર્યા હતા.

આ સન્માન સમારોહમાં ભૂતપૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, ભૂતપૂર્વ કાયદા મંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા ઉપરાંત જયેન્દ્રસિંહ રાઠોડ જેવા જિલ્લાભાજપી અગ્રણીઓ સહિત અનેક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સંસદ સભ્ય દિપસિંહ રાઠોડને કાર્યકરોએ તેમજ અન્ય વિવિધ અગ્રણીઓએ પુષ્પમાળાઓથી ઢાંકી દીધા હતા. તેમજ તેમને અનેક શાલો ઓઢાડાઈ હતી અને સ્મૃતિચિહ્નો ભેટ કરાયા હતા. આ ભવ્ય અભિદાન બદલ આભાર માનતા સાંસદ દિપસિંહે સાબરકાંઠા જિલ્લાના વિકાસ માટે જાગૃત રહી કામ કરવા ખાત્રી આપી હતી. તેમણે રેલવે માટે બજેટમાં આ વખતે ફાળવાયેલ કુલ રૂપિયા ૬૩ કરોડથી રેલવેના સેવા કામોથી કિસાનો તથા અન્ય જનતાને પણ લાભ થશે તેવું જણાવ્યું હતું.

# લક્ષ્મીપુરા હોસ્પિટલમાં સાંધાની સમસ્યાઓનો નિદાન કેમ્પ યોજાયો



(તસવીર : રમેશ વૈષ્ણવ, લક્ષ્મીપુરા)

લક્ષ્મીપુરા, તા. ૨૦

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામની શેઠ કસ્તુરભાઈ લાલભાઈ હોસ્પિટલમાં ઢીંચણના સાંધાની સમસ્યા માટે નિઃશુલ્ક નિદાન કેમ્પનું શનિવારે આયોજન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના ડૉ. ચંદ્રહાસ નાયકના જણાવ્યા અનુસાર ઢીંચણના સાંધાની સમસ્યા જેવી કે સાંધામાં સોજા આવવા, સીડી ચઢવા ઉતરવામાં તકલીફ, ચાલવા-બેસવામાં મુશ્કેલી, પગ વાંકા વળી જવા તથા ઘુંટણના દુઃખાવા જેવી સમસ્યા માટે નિઃશુલ્ક કેમ્પમાં ૧૬૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. સ્ટર્લીંગ હોસ્પિટલના ડૉ. સૌરભ ગોયલ અને તેમની ટીમે આ દર્દીઓને તપાસી જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. આ નિદાન કેમ્પનું ડૉ. ચંદ્રહાસ નાયક તથા સ્ટર્લીંગ હોસ્પિટલના ડૉ. સુજીત આર. શાહે આયોજન કર્યું હતું.

# આંત્રોલીવાસ પૂંજાજીની દૂધ મંડળીમાં ચેરમેન તથા વાઈસ ચેરમેન બિનહરીફ

**મંડળીની સ્થાપનાથી અત્યાર સુધી એકતા અને વિશ્વાસ થકી ચૂંટણી થઈ નથી**

તલોદ, તા. ૨૦

તલોદ તાલુકાના આંત્રોલી વાસ પૂંજાજી ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટીની મીટીંગ તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ચેરમેન તથા વાઈસ ચેરમેનની સર્વસંમતિથી બિન હરીફ વરણી કરાઈ હતી. વધુમાં વ્યવસ્થાપક કમિટિની પણ વરણી સભાસદો દ્વારા બિનહરીફ કરાઈ હતી. ગામમાં એકતા, વિશ્વાસ અને ભાઈચારાના પરસ્પરના સંબંધો થકી આ મંડળીમાં અત્યાર સુધી ચૂંટણી કર્યા વગર હોદ્દેદારોની વરણી થઈ છે.

મળેલ વિગતો મુજબ આંત્રોલી વાસ પૂંજાજી ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં વ્યવસ્થાપક કમિટીએ મંડળીના ચેરમેન પદે ઝાલા લક્ષ્મણસિંહ નવલસિંહ તથા વાઈસ ચેરમેન પદે પરમાર ગીરધરસિંહ



મગનસિંહને સર્વાનુમતે વરણી કર્યા છે. આ વરણીને સભાસદો તેમજ ગ્રામજનોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા. ઉપરોક્ત વિગતોની માહિતી આપતા ગામના સનિષ્ઠ કાર્યકર અને વકીલ મનહરસિંહ મહોબતસિંહે જણાવ્યું હતું કે ગામમાં એકસુત્રતા, વિશ્વાસ અને પરસ્પરના સંબંધોને વધારે મહત્વ અપાય છે. અને જેથી જ ગામમાં ચૂંટણી નામનું દૂષણ હજુ સુધી પ્રવેશી શક્યું નથી. અને ગામના તમામ પ્રશ્નો અને સમસ્યાઓનું નિરાકરણ સમાધન થકી જ લવાય છે. જેમાં ગામના સરપંચ તેમજ પૂર્વ સરપંચ અને ગ્રામજનોનો પૂર્ણ સહકાર પ્રાપ્ત થાય છે. દૂધ મંડળીમાં નવ વ્યવસ્થાપક કમિટિ સભ્યો, બે આંતરિક ઓડીટર તેમજ ત્રણ કર્મચારીગણનો સમાવેશ થાય છે. ગામમાં દૂધાળા પશુઓની પૂરતી કાળજી અને તકેદારી બાબતે મંડળી હર હંમેશ સતર્ક રહે છે અને તેના થકી જ મંડળીમાં સૌ ગ્રામજનોનો પૂરેપૂરો ભરોસો છે.

# મોડાસા નગરપાલિકાની પ્રિ-મોન્સુન પ્લાનની પોલ ખુલી



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા.૨૦

ગઈ કાલે મોડાસામાં સાંજના સમયે મેહુલીયો વરસવાનું ચાલુ કરતાં મોડાસા નગરપાલિકાના વહીવટની જાણે હવા નીકળી ગઈ હોય તેવો માહોલ આખા નગરમાં સર્જાયો હતો. ચોમાસુ એક મહિનો મોડું હોવા છતાં મોડાસા નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સુન અંગે ફકત કાગળીયાઓ ઉપર કામ બતાવી મોડાસા નગરપાલિકાની ગટરો સાફ સફાઈ કરી ના હોવાથી તેમજ અન્ય કોઈ યોગ્ય કાર્યવાહી ન કરવાથી ગઈ કાલે સાંજ પછી મોડાસા જાણે દરિયાઈ બેટમાં રૂપાંતરીત થઈ ગયું હોય તેવું ભાસતું હતું.

મોડાસા નગરપાલિકામાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવવા છતાં નગરપાલિકાના સત્તાધીશો દ્વારા ભ્રષ્ટાચાર સિવાય કોઈ કામગીરી કરવામાં ન આવતાં મોડાસા શહેરના હાલ બેહાલ થઈ ગયા હતા. દર વર્ષે આજ પ્રોબ્લેમ થતો હોવા છતાં કોઈ નકકર પગલા ભરવા ઉઠાવવામાં મોનપા નિષ્ફળ ગઈ છે. શહેરમાં ચારે બાજુ પાણી ભરાઈ જતા બહારથી આવેલા મુસાફરો અને શાળાના છુટેલા બાળકો રસ્તામાં જ અટવાઈ ગયા હતા. મોડાસાના હાર્દસમા વિસ્તાર ચાર રસ્તા, બસ સ્ટેન્ડ અને બસ સ્ટેન્ડની પાછળ કેડ સુધી પાણી ભરાઈ ગયા હતા. લઘુમતી વિસ્તારોમાં પણ પાણી ભરાઈ જતાં હોબાળો મચી ગયો હતો. મોડાસાની રત્નદિપ સોસાયટી નગર શાળાની દિવાલ ધોધમાર વરસાદથી ધસી પડતા ઋષિકેષ સોસાયટીના કેટલાય ઘરોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા અને આ સોસાયટીના ઘરોની જીવનજરૂરીયાતની વસ્તુઓ પાણીમાં તરતી નજરે પડતી હતી. મોડાસા નગરના પ્રજાજનોનો આક્રોશ વહીવટ સામે ફાટી નીકળ્યો હતો. પણ નગરજનોના હાલ 'જાયે તો કહાં જાયે' એવી સ્થિતિ હતી. નગરજનોમાં એક જ પ્રતિભાવ હતો કે કયારે નગરપાલિકા કુંભનિંદ્રામાંથી જાગશે?

# મોડાસા બાયપાસ રોડ ઉપર ભુવા પડ્યા

મોડાસા તા.૨૦

સમગ્ર રાજેય માં જયાં જુઓ ત્યાં દરેક ક્ષેતરે ઉપર થી લઈ ને નીચે સુધી દરેક ક્ષેત્ર માં ભ્રષ્ટ્ચારે માઝા મુકી છે અને તેનુ જો તાજુ ઉદાહરણ જ લેવામાં આવુ તો હમતણાં જ સર્જાય તે નકકી નહી .

મોડાસા શહેર થી બે.કી.મી.દુર આવેલ સહયોગ ચોકડી પાસે રોડ એટલી હદે બીસ્માર થઈ ગયો છે કે જો ત્યાથી ગાડી પસાર થાય તો ગાડી ના ડીફેશન અને પાટા ને નુકશાન સરકારી અધિકારી કયારે આ રોડ ઉપર અકસ્માત સર્ય અને કયારે બે ચાર જણાં મોતને ચેટે તેની રાહ જાઈ રહયા છે કે શુ? જો તંત્ર દ્વારા તાત્કાલીક ધોરણે આ રોડ નુ સમારકામ કરવામાં નઈ આવે તલ મોટી દુર્ઘટના સર્જાય તો નવાઈ નહી ?



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અઠવાડીયા પહેલા ગુજરાત રાજય ના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ ના હસ્તે બરોડા ખાતે રૂ ૧૩ કરોડ ના ખર્ચે બનાવવામાં આવેલ રોડ બ્રીજ ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ પરંતુ ગઈકાલે તે બ્રીજ વરસાદ ને લઈ ને અઠવાડીયા મુ જ ધરાશાઈ થઈ જતા તંત્ર ની અને કોન્ટ્રાકટર ની મીલીભગત ની પોલ ખુલી પડી ગઈ છે તેવી જ રીતે મોડાસા બાયપાસ રોડ ઉપર સહયોગ ચોકડી પાસે એટલા મોટા ભુવા પડી ગયા છે કે કયારે અકસ્માત થવાના કઈ કેટલાય બનાવ બનવા પામ્યા છે જયારે એલ.ટી કંપની દ્વાર આ રોડ ઉપર વાહન હંકારવાનો મસ મોટો ટેક્ષ વસુલ કરવામાં આવતો હોવા છતાં તેની અને તત્ર ની આ રોડ ઉપર અંડર માં આવતો હોય તો નાજર ન પડતી હોય તેવુ લાગી રહયુ છે જયારે એલ.એન્ડ ટી કંપની જાણે આ રોડ રીપેર કવામાં કોઈ રસ ના હોય તેમ આ રોડ નુ સમાર કામ કરવામાં આવતુ નથી અને જો અઅ રોડ સરકા રનાઅંડર માં આવતો હોય તો શુ

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧